# કરપ્શનની માત્રાને કન્ટ્રોલમાં લેવા સરકારમાં એક્શન હિરોની જરૂર છે

## ગુજરાતની નારી રાત્રે રોડ પર સલામત હશે પણ ઘરમાં સલામત નથી

ગુજરાત સરકારમાં કરપ્શનના કેસોને ઓન ધ સ્પોટ તપાસે તેવી કોઈ સ્વતંત્ર વિંગ નથી કે જેની ઉજવણી શરૂ કરવા જઈ રહી છે ત્યારે ગુજરાત સરકારે પણ તેના જિલ્લાઓમાં અને રાજયકક્ષાએ

## બિલ્ડર લોબીની ખેર નથી, સરકાર મકાન ખરીદનારને રક્ષણ આપશે



## સરકારી ધીરૂબાઈ અંબાણીની કદર કરી, જીવન ચરિત્ર હવે કિતાબોમાં

મારફતે ગુનેગારો પળવારમાં પકડાઈ જાય!! સરકારના એક સિનિયર ઓફિસરે સૂચનમાં એમ કહ્યું છે કે એન્ટી કરપ્શન બ્યુરોની પેરેલલ કાર્ય કરતી એવી કોઈ અલગ વિંગ બનાવી તેમાં ખંતિલા અને પ્રામાણિક ઓફિસરોની ફોજ ઉભી કરવામાં આવે તો એજન્ટ પ્રથાને કન્ટ્રોલમાં લઈ શકાય તેમ છે. આ ફોજ જયાંથી પસાર થાય ત્યાં સરકારી ઓફિસોમાં લોકો ફફડી ઉઠે એવો માહોલ સર્જવો પડે... હિન્દી ફિલ્મોમાં પ્રામાણિકતાની છાપ ઉભી કરનારા એકશન હિરો અક્ષયકુમાર જેવી અદાથી કામ કરે તેવા ઓફિસરો જોઈએ. સરકારે સચિવાલયમાં જ મહેસૂલ, શિક્ષણ, શહેરી વિકાસ, આરોગ્ય, પંચાયત અને ગૃહ વિભાગમાં વોચ રાખવાની જરૂર છે... અને હા, બોર્ડ નિગમ આવેલા છે તે ઉદ્યોગ ભવનમાં તો ખાસ, કારણ કે કોર્પોરેટ એજન્ટોનો રાફડો તો ત્યાં ફાટેલો છે...




**૧લીએ ડિઝિટલ ગુજરાતની શરૂઆત**

ભારત સરકાર ડિઝિટલ ઈન્ડિયા વિકની આ વિકની ઉજવણી શરૂ કરવાના આદેશ કર્યા છે. ૧લી જુલાઈ થી શરૂ થનારી આ ઉજવણીમાં કેન્દ્રસ્થાને પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી છે. તેમના તરફથી ડિઝિટલ ઈન્ડિયા માટેનું ઈન્વેસ્ટમેન્ટ જાહેર થવાનું છે. દેશના ૩૬ રાજયો અને ૬૦૦ જિલ્લાઓમાં મોટાપાયે ઉજવણી થવાની છે. કેન્દ્રનો દાવો છે કે ૨૦૧૯ સુધીમાં દેશભરની તમામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી, સ્કૂલો તેમજ યુનિવર્સિટીઓ અને જાહેર સ્થળોએ વાઈફાઈ હોટસ્પોટની સુવિધા આપવાનો આ દિવસ થી જ પ્રારંભ કરવામાં આવશે. ગુજરાત સરકારે એક વર્ષ માટે વાયફાયના હોટસ્પોટ લગાવવા ૨૦ કરોડ રૂપિયાના ખર્ચની જાહેરાત કરી છે...




**એક નહીં અનેક વાર્તાઓ હજી અધૂરી છે ...**

મેટ્રોરેલનું કૌભાંડ હોય કે એનટીસી મીલની જમીનના ગોટાળા, મત્સ્ય કૌભાંડ હોય કે સહકારી બેન્કોની ગેરરિતીઓ.. સરકારમાં એવી કેટલીય તપાસો

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૨ના બગીચામાં નિવૃત્ત અધિકારીનું અગ્નિસ્નાન

ગાંધીનગર, તા. ૨૮

શહેરના સે. ૧૨ના બગીચામાં વહેલી સવારે વોકીંગ કરવા નીકળેલા નિવૃત્ત ડે. મામલતદારે પોતાના શરીર પર કોઈ જલદ પ્રવાહી છાંટી દિવાસળી ચાંપી દઈને કોઈ અગમ્ય કારણોસર જાહેરમાં અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સેક્ટર-૭ પોલીસ અને એફએસએલ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું ચોક્કસ કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. જો કે પ્રાથમિક તપાસમાં બિમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાની શક્યતા સેવાઈ રહી છે.

સેક્ટર-૧૨-સી પ્લોટ નં. ૩૪૫/૨/એ ખાતે રહેતા ૭૭ વર્ષિય નિવૃત્ત નાયબ મામલતદાર નાગરદાસ દેહાભાઈ વાણીયા નિયમિત મોર્નિંગ વૉક કરવા નિકળતા હતા. તેમની વૃદ્ધ પત્નિ કે જેમને આંખે નબળાઈ આવી ચુકી હોવાથી દેખી શકતા નથી. તેણીનો હાથ પકડીને બંને ચાલવા નિકળતા અને પરત જતાં હતા. જો કે છેલ્લા છોડા સમયથી પત્નિને ચાલવામાં તકલીફ થતા સાથે લઈ જતા ન હતા. આજે પણ વહેલી સવારે પાંચેક વાગ્યે નિત્યક્રમ મુજબ નાગરદાસ વોકીંગમાં નિકળી ગયા હતા. પરંતુ ઘરે પરત ફર્યા નહી..! બગીચામાં જઈને બાંકડા પાસે પોતાના શરીરે કોઈ જવનશીલ પ્રવાહી છાંટી તેમણે દિવાસળી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લીધુ..! ચાલવા નિકળેલા અન્ય નગરજનોનું ધ્યાન બાંકડા પર સળગી ગયેલા મૃતદેહ પર પડ્યુ અને ચોંકીને સે. ૭ પોલીસને જાણ કરતાં સમગ્ર બાબત ધ્યાને આવી હતી. સે. ૭ પોલીસે એફએસએલ બોલાવી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તબક્કે હત્યાની આશંકાઓ સેવાતા ઉચ્ચ પોલીસ અધિકારી પણ સ્થળ પર દોડી આવ્યા હતા. ત્યાર બાદ પ્રવાહી જે બોટલમાં લઈ આવ્યા હતા તે બોટલ, તેમની થેલી, મળી બળી ગયેલા કપડાનો ટુકડો અને માટી તથા ચંપલ કબ્જે લઈ સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સેમ્પલ એસ્ફએસએલમાં મોકલીને તપાસ આરંભી છે.

**વહેલી સવારે વોકીંગ કરવા નિકળેલા વૃદ્ધ નિવૃત્ત ડેપ્યુટી મામલતદારે બાંકડા પાસે શરીરે જવનશીલ પ્રવાહી છાંટીને દિવાસળી ચાંપી દીધી : બિમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાની આશંકા**



(તસવીર : કશ્યપ નિમાવત)

## કલાક બાદ સંતાનોને ખબર પડી કે બગીચામાં તેમના પિતાનો મૃતદેહ પડ્યો છે..!

સવારે પોલીસ અને વોકીંગમાં નિકળેલા નગરનજનો સે. ૧૨ના બગીચામાં પહોંચ્યા અને પોલીસ મૃતક કોણ છે તેની તપાસ માટે મથી રહી હતી. નગરજનોનું ટોળુ ભેગુ થયેલું હતુ, પરંતુ મૃતદેહ એ પ્રકારે સળગી ચુક્યો હતો કે કોણ છે તે ખ્યાલ જ ન આવી શકે...! વોકીંગમાં નિકળેલા પિતા બે કલાકે પરત ન આવતા તેમના સંતાનો શોધવા પણ નિકળ્યા અને બગીચા પાસે આંટો મારીને ગયા ત્યારે કોનો મૃતદેહ છે તે જાણવા કરતાં તેમના ગુમ પિતા ક્યાં છે તેમને શોધવા જરૂરી હતા. કલાક બાદ ફરી બગીચામાં ગયા અને મૃતદેહની બાજુમાં પડેલા એક થેલીના અડધા સળગેલા ટુકડાને તથા બાજુમાં પડેલા ચંપલને જોઈને સંતાનો ઓળખી ગયા કે અગ્નિસ્નાન કરી લેનાર બીજુ કોઈ નહિ પરંતુ તેમના પિતા જ હતા..!

# ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રી હૂમલાની ઘટનાઓ ચિંતાજનક

ગાંધીનગર, તા. ૨૮

છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારથી લઈને નરોડા-ઓઢવ સુધીના ગ્રામ્ય વિસ્તારોમાં મોડી રાત્રે અજાણ્યા શખ્સો દ્વારા કરાતા હૂમલાઓથી પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ પ્રકારના હૂમલાઓમાં કોઈ લૂંટ ચલાવાતી નથી પરંતુ માત્ર ભયનો માહોલ ખડો થાય તે રીતે હૂમલા કરાય છે. જેના કારણે નાગરિકો અને પોલીસ પણ અવઢવમાં છે. કેટલાકના મતે પશુચોરો ગામના લોકોને બહાર આંગળામાં સૂતા અટકાવવા માટે આ પ્રકારનો ભય ફેલાવે છે જેથી ગ્રામજનો ઘરમાં સૂઈ જાય તો પશુચોરી કરવી આસાન બને. જ્યારે કેટલાકના મતે આ પ્રકારની અનેક ઘટનાઓ જોતા એવું કોઈ સામ્ય જણાતુ નથી પરંતુ આ પ્રકારના હૂમલામાં કેટલાક ખાસ વિસ્તારના આદિવાસીઓ સંડોવાયેલા હોય છે. જેઓ ભયનો માહોલ ખડો કરી તેમના છુપા અસંતોષને પોષવાનું કામ કરી રહ્યાં છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

**હૂમલાઓ માટે પશુચોરોનો ભય ફેલાવી ગ્રામજનોને ઘરમાં સુતા કરવાનો પેંતરો કે પછી અન્ય કોઈ કારણ જવાબદાર ?**

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડાથી લઈને ડભોડા, વડોદરા, વાંકાનેરડા, ગલુદણ, હંસપુરા, બુટાકિયા, વલાદ, પ્રાંતિયા, લવારપુર, કડાદરા, રણાસણ તેમજ રીંગરોડ તરફના નવા નરોડા, કઠવાડાથી ઓઢવ સુધીના સમગ્ર વિસ્તારમાં રાત્રિના સમયે આ પ્રકારની છુટી છવાઈ ઘટનાઓ બનવા પામી છે. વલાદમાં મહિલાને ખાટલા સાથે બાંધી તેના વાળ કાપી નંખાયા ઉપરાંત રીંગરોડની સોસાયટીઓમાં પણ એક સાથે ૨૦-૨૫ શખ્સોના ટોળા રાત્રે હૂમલો કરી પથ્થરમારો કરે, ઘરના બારી બારણાં તોડી નાંખે, બહાર સુતેલા ગ્રામજનોને મારે તેવી ઘટનાઓ બનવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કયા કયા પ્રકારની સંસ્થાઓને લઘુત્તમ વેતન લાગુ કરવા પાત્ર છે તે અંગે પરીપત્ર કરાશે

ગાંધીનગર, તા.૨૮

રાજયમાં કયા કયા પ્રકારની સંસ્થાઓને લઘુત્તમ વેતન દર લાગુ કરવા પાત્ર છે તે અંગેનો અભ્યાસ કરીને તેને અમલી બનાવવાની દિશામાં રાજય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

શ્રમ અન રોજગાર વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં અમલી લઘુત્તમ વેતન દર અંગેની સમીક્ષા રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં લઘુત્તમ વેતન દર અંગે હાથ ધરાયેલી સમીક્ષા દરમિયાન નાણા વિભાગના અગ્ર સચિવ (આ.બા)એ એવું સૂચન કર્યું હતું કે રાજયમાં કયા પ્રકારની સેવાઓને લઘુત્તમ વેતન દર લાગુ પડે છે તે સાથે કયા પ્રકારની સંસ્થાઓને આ દર લાગુ કરવા પાત્ર છે તે અંગે એક પરિપત્ર કરવો જોઈએ.

આ સૂચન અન્વયે રાજય સરકારે શ્રમ અને રોજગાર વિભાગને આ સમગ્ર બાબતનો અભ્યાસ કરીને એક પ્રેઝન્ટેશન તૈયાર કરીને સરકાર સમક્ષ રજુ કરવા માટેની સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં કયા પ્રકારની સેવાઓને લઘુત્તમ વેતન દર લાગુ પડે છે કયા પ્રકારની સંસ્થાઓને આ દર લાગુ કરવાપાત્ર છે અંગેનો અભ્યાસ કરીને નવેસરથી એક યાદી તૈયાર કરીને પરિપત્ર કરવાની દિશામાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સક્રિય કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉદ્યોગ ગૃહોમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના નિયમનું કડક પણે પાલન કરાવવા રાજય સરકારે સક્રિય પ્રયાસો હાથ ધર્યા છે ત્યારે લઘુત્તમ વેતન દરનો પણ ચુસ્ત પણે પાલન કરાવવાની દિશામાં સરકારે કાર્યવાહી હાથ ધરી

## નગરના આકાશમાંથી વાદળો ગાયબ : ગરમી યથાવત

**તાપમાનનો મહત્તમ પારો ૩૬ ડિગ્રી સે. : ભેજનું મહત્તમ પ્રમાણ ૭૭ ટકાએ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં આજે પણ ગરમીનો મહત્તમ આંક ૩૬ ડિગ્રી સે. રહેવા પામ્યો હતો. જ્યારે લઘુત્તમ આંક પણ નજીવો વધીને ૨૭.૫ ડિગ્રીએ પહોંચ્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૭ ટકા હતુ જે સાંજે ઘટીને ૫૨ ટકા સુધી નોંધાયું હતું. આજે આકાશમાં વાદળોની ગેરહાજરી વર્તાઈ હતી. પરંતુ દિવસ દરમ્યાન ઉકળાટ અને ગરમીનો

● અનુસંધાન પાન-૭ પર

**નર્સીંગ પ્રવેશ જાહેરાત**

I.N.C., G.N.C., ઉત્તર ગુજરાત યુનિ. પાટણ સંલગ્ન અને ગુજરાત સરકાર માન્ય ચિત્રિણી નર્સીંગ કૉલેજ એન્ડ સ્કૂલ, પ્રાંતિજમાં શૈક્ષણિક કાર્ય વર્ષ : ૨૦૧૫-૨૦૧૬ માટે નીચે મુજબ અભ્યાસક્રમોમાં પ્રવેશ ચાલુ છે.

| અભ્યાસક્રમ | પ્રવેશ મેળવવા લાયકાત | અભ્યાસનો સમયગાળો |
|---|---|---|
| ચિત્રિણી સ્કૂલ ઓફ નર્સીંગ (A.N.M.) | ધો-૧૨ પાસ કોઈ પ્રવાહ (ફક્ત બહેનો માટે) | ૨ વર્ષ |
| ચિત્રિણી સ્કૂલ ઓફ નર્સીંગ (G.N.M.) | ધો-૧૨ પાસ કોઈ પ્રવાસ (અંગ્રેજી વિષય ફરજીયાત) | ૩ વર્ષ |
| ચિત્રિણી નર્સીંગ કૉલેજ ફોર વીમેન (B.Sc. Nursing) | ધો-૧૨ પાસ વિજ્ઞાન પ્રવાહ (બી-ગ્રૂપ) | ૪ વર્ષ |
| ચિત્રિણી નર્સીંગ કોલેજ ફોર વીમેન (M.Sc. Nursing) | B.Sc. Nursing અથવા P.B.B.Sc. Nursing પછી | ૨ વર્ષ |

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને તાત્કાલિક કાર્યાલયનો સંપર્ક કરવો. : કાર્યાલયનો સમય : ૧૦.૦૦ થી ૪.૦૦ SC, ST, OBC વિદ્યાર્થીઓને સરકારે નિયત કરેલ સ્કોલરશીપ મળવાપાત્ર રહેશે.

**ચિત્રિણી નર્સીંગ કોલેજ એન્ડ સ્કૂલ, પ્રાંતિજ**

સરકારી ગોડાઉનની બાજુમાં, પ્રાંતિજ, રેલવે સ્ટેશન નજીક, પ્રાંતિજ, જી. સાબરકાંઠા

ફોન નં. ૯૮૯૮૨૪૬૪૮૮, ૯૮૭૯૫૨૬૬૩૬

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે

Nirdosh

શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન

હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી

પાન મુખવાસ

દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.

ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ

કેટરીંગ

લાઈટીંગ

ફ્લાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

SANGHI CEMENT

KisaN

BENELAVE BATH FITTINGS

DR.FIXIT

ashirvad C. PVC, UPVC

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

UltraTech CEMENT The Engineer's Choice

STEEL TIGER

KAMDHENU STEEL

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

ESTD. 1983

કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)

● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●

મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com